પુસ્તિકા ક્રમાંક : ૩૧ પુષ્પ ક્રમાંક : ૪૩

# બાહુબલી શતક

( રચના : તા.૧૦/૮/૨૦૧૦ થી ૧૨/૮/૨૦૧૦ )



લેખક : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્ય પ્રિય) – સોનગઢ.


પ્રકાશન તારીખ : ૭–૯–૨૦૧૦, મંગળવાર

બહેનશ્રી જ્ઞાનવૈભવ પ્રકાશન ઉત્સવ

મૂલ્ય : સ્વ અધ્યયન (SELF LEARNING)

પ્રત : ૨૦૦૦

સૌજન્ય : રમણીકલાલ લાલચંદ અજમેરા – ભાવનગર

: પ્રકાશક :

ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)

સુધા ધીરજલાલ દેસાઈ

૫૯, ક્હાનનગર સોસાયટી, પાલીતાણા રોડ, ચંપામૃત, સોનગઢ

ફોન : (૦૨૮૪૬) ૨૪૪૬૫૪, મો. ૯૪૨૬૩૪૪૫૫૯

# બાહુબલી શતક

## ૧ ( ઋષભદેવ – આદિનાથ )

ક્ષત્રિયવંશે નાભિપિતા અંતિમકુલકર જે થયા;
મરુદેવી જાયા ઋષભ જે આદિ તીર્થંકર થયા. ૦૧

જંબૂદ્વીપે ક્ષેત્ર ભરતે ભોગ ભૂમિના કાળમાં;
ચૈત્ર વદી નવમી દિને નગરી અયોધ્યા જનમીયા. ૦૨

સર્વાર્થસિદ્ધિ વિમાનવાસી અહમિંદ્ર દેવ જે હતા;
પ્રાતઃ સમય તીર્થંકર પ્રથમ જે અવતરીત થયા. ૦૩

અસિ,મસિ,કૃષિ,વાણિજ્ય,વિદ્યા,શિલ્પ ઉપાયો કહ્યાં;
ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર ભરતે વર્ણ જેણે સ્થાપિયા. ૦૪

આષાઢ કૃષ્ણ પ્રતિપદા દિન કૃતયુગને આરંભિયો;
પ્રજાપતિ એ ત્રેસઠ લાખ પૂરવ ભરતમાં જે રાજિયો. ૦૫

નિલાંજના નૃત્ય સમે મરણ ત્યાં તેનું દેખીને;
ઋષભ વૈરાગ્ય ધરે રાજ્ય ભરતને સોંપીને. ૦૬

બાહુબલી યુવરાજ સ્થાપી, સિદ્ધાર્થક વન વિચર્યા;
ચૈત્ર વદી નવમી દિને અપરાહ્ન દીક્ષા ધારીયા. ૦૭

રાજા હજાર ચાર સહ જે વનમાં પછી વિચરી ગયા;
છહ માસ તપ પૂરણ કરી આહાર માટે સંચર્યા. ૦૮

આહાર વિધિ અભાવથી છહ માસ બીજા વિતીયા;
એક વરસ દિન બાર તક આહાર ના પામી શકયા. ૦૯

હસ્તિપુરે શ્રેયાંશ વળી સોમપ્રભને સ્વપ્ને થયા;
વૈશાખ સુદી ત્રીજ દિને ઈક્ષુરસને ઓરાવીયા. ૧૦

શ્રેયાંસરાજા ત્યારથી દાન તીર્થ પ્રવર્તક થયા;
અક્ષયતૃતિયા મહાન તે દિન સૌ ત્યાં ઉજવી રહયા. ૧૧

વર્ષ હજાર તપ તપીને પુરિમતાલ નગરમાં;
ઉદ્યાન શકટમાં વડ તળે ધ્યાનમહીં લીન થઈ ગયા. ૧૨

ફાગણ વદી એકાદશી દિન ઘાતિયા નષ્ટ કર્યા;
કેવલ્યની પ્રાપ્તિ થતાં સમવરણમાં બીરાજીયા. ૧૩

મુનિ હજાર ચોરાશી, પચાસ સહસ આર્યિકા હતી;
શ્રાવક સહસ્ત્ર ત્રણ અને પંચ લાખ શ્રાવિકા હતી. ૧૪

ધર્મોપદેશ લાખ પુરવ પૃથ્વી પરે છો વિચર્યા;
અષ્ટાપદે ધ્યાનારૂઢે કૈલાસમાં સ્થિર થઈ ગયા. ૧૫

માઘકૃષ્ણ ચતુર્દશી દિન સૂર્યોદય પર્યંકાસને;
બિરાજિ રાજા હજાર સહ મોક્ષપદે જામી ગયા. ૧૬

## ૨ ( ભરત ચક્રવર્તી )

રાજા ઋષભ શુભકુલમાં યશસ્વતી મહારાણી કુખે;
જયેષ્ઠ પુત્ર ચક્રવર્તી ભરત જયાં જન્મ ધરે. ૧૭

સુમેરુ, સુરજ, ચંદ્ર, સરવર, અવની, સમુદ્ર પેખીયા;
રાત્રીના અંતિમ પહરે માતને સ્વપ્નો થયા. ૧૮

ચૈત્રવદી નવમી દિને ચક્રવર્તી ત્યાં જનમીયા;
મોટા થયાં ત્યાં ભરતને સમાચાર ત્રણ પ્રાપ્ત થયાં. ૧૯

પુત્ર જનમ, ચક્રરતન, ઋષભ કેવળ પામીયા;
પ્રથમ પૂજન ઋષભ કરી દિગ્વીજયે પ્રયાણ કર્યા. ૨૦

હાથી, રથો, ઘોડા, વિદ્યાધર, સૈનિકો, પૈદલ બધાં;
૭ પ્રકારની સેના સહિત ચક્રરત્ન લઈ આગળ થયા. ૨૧

સાંઠ સહસ વર્ષો સુધી યાત્રા વિજય ચાલુ રહી;
પૂર્વ, દક્ષિણ, પશ્ચિમમાં, ઉત્તર બધે વિજયી બની. ૨૨

હિમવતકૂટે હિમવાનના રાજાપરે વિજયી થઈ;
વૃષભાચલે નામ ભૂંસીને પ્રશસ્તિ નિજની ત્યાં લખી. ૨૩

વિજયાર્ધના નમિ–વિનમિને સુંદર કન્યાઓ ઘણી;
નમિરાય બહેન સુભદ્રા વરમાળ લઈ પટરાણી બની. ૨૪

આગળ જતાં અયોધ્યામહીં ચક્ર ન કાં પ્રવેશી શકે ?
બુધ્ધિસાગર મંત્રી કહે ના ભાઈ બધા લે શરણને. ૨૫

બાહુબલીને છોડી સુત સૌ ઋષભદેવના દીક્ષિત થયા.
દૃષ્ટિ, જલ, મલ યુધ્ધ થકી બાહુબલી વિજયી થયાં. ૨૬

ક્રોધિત થઈ ભરત સુદર્શન ચક્રને જયાં ફેંકિયું;
ત્યાં ચક્ર પ્રદક્ષિણા કરીને સ્થિર થઈ સ્થંભિ ગયું. ૨૭

બાહુબલીને આ રીત ના ભરત પરાજિત કરી શક્યા;
બાહુબલી વિરકત થઈને તૂરત દીક્ષિત થઈ ગયા. ૨૮

ચૌદ રતન, નવનીધિ, સિધ્ધિ અષ્ટ ભરતને થઈ;
બત્રીસ હજાર રાય સહ, છન્નુ સહસ રાણી હતી. ૨૯

હળ, કામધેનુ, ઘોડલા, ચોરાસી લક્ષ હાથી સાથમાં;
ને તેટલા રથ પણ હતા, ચક્રવર્તિ રિધ્ધિ શા મણા ? ૩૦



અર્કકીર્તિ પૂત્ર સરીખા સો પાંચ પુત્રો જાણવા;
નવસો અને ત્રેવીસ પુત્રો દીક્ષા ધરી મોક્ષે ગયા. ૩૧

સ્વયંવર પ્રથા શરૂ થઈ, ભરત તણા સામ્રાજ્યમાં;
ઋષભતણાં સમવશરણમાં શ્રોતા પ્રથમ ભરત હતાં. ૩૨

કાશીનરેશ પુત્રી સુલોચના સ્વયંવરે જયારે ગઈ;
અર્કકીર્તિની જયકુમારથી ત્યાં યુધ્ધમાં હાર થઈ. ૩૩

જયકુમારનો પક્ષ લઈને કુમારને શિક્ષા કરી;
એ રીત ભરત ના કરે અન્યાયનો પક્ષ કદી. ૩૪

લીલી ઘાસના પ્રસંગમાં પ્રાસુક માર્ગની રચના કરી;
અણુવ્રતધર ગૃહસ્થથી બ્રાહ્મણની શરૂઆત થઈ. ૩૫

એ રીત ભરત ત્યાં ત્યારથી સોળમાં કુલકર બને;
ને તેમના નામ ભરતે આ દેશ પણ 'ભારત' બને. ૩૬

આકાશથી બે તેજ પૂંજો ઉતર્યા જયાં ભરત કને;
ઋધ્ધિધર, મુનિ, ભેદજ્ઞાની આહારદાન ભકિતથી કરે. ૩૭

એક દિન સ્વપ્ન સોળમાં જયારે ભરત ખેદીત થયા;
ત્યારે ઋષભને જઈ પૂછતાં પંચમકાળના ફળ સાંપડયાં. ૩૮

ભગવાન આદિનાથના યોગનિરોધ સમાચારથી;
દઈ પ્રદક્ષિણા, સ્તુતિવતી ચૌદ દિન ત્યાં ભકિત કરી. ૩૯

ભગવાનના નિર્વાણથી જિનમંદિરની રચના કરી;
અર્કકીર્તિને રાજ દઈને ધારણ દીક્ષા ત્યાં કરી. ૪૦

અંતર્મુહૂર્તમાં ત્યાં તૂરત જ્ઞાન કેવળ પ્રાપ્ત થયા;
ચોરાસી લક્ષ પુરવ રહી કૈલાસમાં મોક્ષે ગયા. ૪૧

સતહત્તર લાખ પૂરવ વરસ કુમારકાળે તે રહયાં;
છ લાખ પૂરવ રાજ કીધું, એકલક્ષપૂરવ મુનિરાજમાં. ૪૨

પૂર્વે નૃપ ને નરકમાં, શાર્દુલમાં, દેવે રહયાં;
મતિ સાગરે, સુબાહુમાં, સર્વાર્થ સિદ્ધિમાં રહયા. ૪૩

## બાહુબલી

ઋષભનંદન, ભ્રાતાભરત, માતા સુનંદા, વંદન સદા;
આવો પધારો સુવર્ણપુરમાં બહુ જિનોની સાથમાં. ૪૪

બ્રાહ્મી, સુંદરી, ભ્રાતા તમે, સો અવર પુત્રો ઋષભના,
સ્વાગત તમારું આજ કરીએ જંબૂદ્વીપે શા શોભતા ! ૪૫

જગઈશ છો, જગતાર છો, નાસાગ્ર દ્દષ્ટિ ધારતા;
જગજનહિતકર મહાન છો, હરિતવરણે શોભતા. ૪૬

પોદનપુરપતિ, ભૂજબલ મહા, શા કાય ઉંચી બીરાજતા !
તપસીમહા, છો વીતરાગી, ભીષણ ઉપસર્ગો સહયા . ૪૭

આતમ ધ્યાનિ લીન છો, ધીરજ અતુલ ધરનાર છો;
છો સ્વાભિમાની સામટા, ત્રણ યુદ્ધમાં વિજયી તમો. ૪૮

પ્રજા વત્સલ, ન્યાયી ઘણા, સિદ્ધ પ્રથમ, કામદેવ છો;
કુસુમાયુધ પણ બળવાન છો, યુગ આદિ કેવળજ્ઞાની છો. ૪૯

છહ ખંડના જીતનારને પણ ના તમે વશમાં થયા;
દ્દષ્ટિ, જલ, મલ્લયુદ્ધમાં ભરતને ખભા પર છે ધર્યા. ૫૦

અંતર્દ્દષ્ટિધર છો તમે, એક વરસ ખડગાસન રહયા;
છો વ્રજસમ, તમ શરીર પર પક્ષી વસ્યા, વેલા ચઢયાં. ૫૧

પરમાણું જે તેજવંત સૌ તુજ શરીર પર આવી વસ્યા;
નીલ કુલાચલ શા સ્થિર છો, વૈદૂરજમણિ છો ગિર સમા. ૫૨

શાસ્ત્ર–શસ્ત્ર વિદ્યામહી છો પ્રવીણ, ના છે અવરકો.
સૂર્ય–ચંદ્રની કાંતિ થકી કાંતિ અધિક ધરનાર છો. ૫૩

ક્ષત્રિયવંશે જનમીયાં, ચરમશરીર ધર વીર છો;
અદ્વિતિય અવતારી તમે અતિશય ઘણાં ધરનાર છો. ૫૪

ન્યાય નીતિથી રાજ કરતા ભરતને પણ ના નમ્યા;
અપમાન, નિર્દયતા સમે ચક્ર ફરતું રોકી શકયા. ૫૫

ત્રાતા, વિધાતા, શાંત છો, નિત્ય, નિરંજન છો પ્રભુ;
જગતપતિ છો, જગવંદ્ય છો, અનુપમ અને દિનબંધુ અહો ! ૫૬

પ્રેમસિંધુ, દુઃખનાશક અને અખંડ, અનંત, અનાદિ છો;
બ્રહ્મ,સનાતન,અલખ છો, જગ સાક્ષય વિશ્વાત્મા અહો ! ૫૭

શાશ્વત છો, શ્રીમંત ને સ્વયંભુ પ્રભુ, અક્ષર છો,
વિશ્વચક્ષુ, વિશ્વવિદ ને વિશ્વેશ, વિશ્વમૂર્તિ છો. ૫૮

યુગાદિ છો, અજન્મ છો, સ્વયંજયોતિ, પ્રશાંત છો;
છો યોગી, યોગેશ્વર વળી બ્રહ્મવિદ, યતીશ્વર છો. ૫૯

શુદ્ધાત્મ છો ને બુદ્ધ છો, પ્રબુદ્ધ આપ પ્રસિદ્ધ છો;
સહિષ્ણુ છો, અચ્યુત છો, અવ્યય, અજર, અરુપ છો. ૬૦

પરમાતમા, ભગવાન છો ને પરમ જયોતિ સ્વરૂપ છો;
અરહંત, સ્વયંપ્રભ તમે, ઈશ, અમલ, સ્વયં બુદ્ધ છો. ૬૧

છો યુક્ત, જ્ઞાનાત્મ તમે, ધર્માધ્યક્ષ, પરમ જયોતિષ છો;
સર્વજ્ઞ છો, લોકેશ છો, સર્વવિધ, સર્વોત્તમ અહો ! ૬૨

નિરામય, અમારા નાથ છો, અક્ષય, અગ્રણી આપ છો;
નેતા, પ્રણેતા, છો બધું, વિભૂ, અનશ્વર અહો ! ૬૩

છો સ્વયં જયોતિ સ્વરૂપ ને શ્રીપતિ, દિવ્ય સ્વરૂપ છો;
ત્રિજગત પરમેશ્વર તમે, નિબાધિ, સ્નાતક, શકત છો. ૬૪

ધર્મપતિ, ભવાંતક તમે અભવ, જગત પ્રભુ આપ છો;
છો અચલ સ્થિત, સુશ્રુત ને બહુશ્રુત, સુરી આપ છો. ૬૫

ગોમટ્ટગિરિ શીખર પરે પાંચ મિટર ઊંચે બીરાજતા;
કારકલમાં, વેલ્લુરમાં, પ્રતિમામહીં સ્થાપિત થયા. ૬૬

વર્ષ હજારથી ખડગાસને ના કોઈ ડગાવી છે શકે;
પ્રાંત દક્ષિણે વસ્યા તમે વિંધ્યગિરિની શોભા તમે. ૬૭

શુદ્ધ, બુદ્ધ ગોમ્મટેશ છો, ઈદ્રાંદિકથી વંદિત છો;
છો પરમ દિગંબર પ્રભુ, વીતરાગ વિજ્ઞાની અહો ! ૬૮

મંગળકર્તા, કરુણાનિધિ, પરમાનંદ સ્વરૂપ છો;
છો તરણ તારણ દેવ, ત્યાં બ્રહ્માનંદમાં મશગુલ છો. ૬૯

સત્તાવન ફૂટ શા શોભતા શ્રવણ બેલગોલ ધામ જયાં;
જૈન બદ્રી છે જેને કહે, જૈન કાશી, ગોમટ્ટતીર્થમાં. ૭૦

કર્ણાટકે, હાસનપરે, બેંગ્લોર–મૈસુર નજીક છો;
અતિશયતા સંપન્ન અહો ! ઈંદ્રગિરિ પર્વત વસો. ૭૧

બળવાન તે મહામાત્ય જે ગંગરાજ શ્રી રચ્યમલતણો;
નેમિચંદ્રના જે શિષ્ય ચામુંડરાયથી નિર્મિત તમો. ૭૨

અરિષ્ટનેમિ નિર્મિત અહો કલા અજબ વિશ્વતણી;
પાષાણરજ ખરી જેટલી છે તેટલી સૂવર્ણમુદ્રા સાંપડી. ૭૩

ભદ્રબાહુ વિચરેલ ત્યાં ગુફા, ચરણ ચિહ્નો બન્યા;
સમાધિ મરણ પણ જયાં થયું, પ્રસિદ્ધ તે ઈતિહાસમાં. ૭૪

શ્રવણબેલ ગોલધામ તો શ્રમણ શ્વેત સરવર ખરો;
સાધુ–શ્રમણ તપભૂમિ આ, પવિત્ર, સદા વંદનિય છે. ૭૫

ચંદ્રગુપ્ત–પ્રભાચંદ્ર થયા, સ્મૃતિ મંદિર હ્યાં ચિત્રાવલી;
રાજ સમ્માનને પાત્ર સૌ, જૈનાચાર્યની પરંપરા સાંપડી. ૭૬

કુંદકુંદ શિલાલેખ ત્યાં, ભરત પ્રતિમા ચંદ્રગિરમાં;
ચોવીસ તીર્થંકર બીરાજે, હોજો અમારી ત્યાં વંદના. ૭૭

સમૂહપૂજન ગુરુરાજનું, ગુરુકહાનની ભકિત થઈ;
'ઐસે ઋષભ નંદન નિરખીયા' ભકિત તણી ધૂન ત્યાં મચી. ૭૮

ચંદ્રગિરિ શિલાલેખો બહુ, વેદિમંદિર સુંદરતા ઘણી;
ગોમ્મટસારની રચના અહીં, નેમિચંદ્ર ચક્રવર્તી તણી. ૭૯

ચંદ્રગિરિ પર મુનિ પાંચસો, સમાધિ બની ત્યાં સામટી;
રાજા, મહારાજાતણી, આરાધના રાજકુમારો તણી. ૮૦

પથ્થરની દિવાલો ત્યાં બની પ્રાચિન મંદિરો છે અહીં;
બે કુંડ છે ને સ્તંભ છે, ચબુતરા પરે મંદિર અહીં. ૮૧

મૂર્તિ બધી ખંડિત નથી, શીલા સળંગ તેની બની;
સત્તાવન ફૂટમાં વિસ્તરી, વિશ્વ વિભૂતિ છે તે બની. ૮૨

ચામુંડરાયની માતને સ્વપ્ન આવ્યું છે તેહમાં;
નેમિચંદ આચાર્યનું માર્ગદર્શન ત્યાં સાપડયું. ૮૩

કલ્યાણી સરોવર રચ્યા તથા તીર્થંકર વસદિ બની;
સેજ્જાણ વસદિ, સ્તંભો, ઓદમલની વસદિ બની. ૮૪

શાશનવસદિ શિલાલેખ ત્યાં, આદિનાથની પ્રતિમા બની.
ગંગરાજ સેનાપતિ તણી, ઈંદ્રકુલગૃહ રચના બની. ૮૫

મજ્જિગણવસદિ જ્યાં બધી અનંતનાથની મૂર્તિ બની;
ચંદ્રમૌલિ એ સદીબારમી શિલ્પકળા સ્થાપન કરી. ૮૬

સિદ્ધાંત વસદિ મંદિરે, સિદ્ધાંતના ગ્રંથો બધા;
ધનશલ્લ વસદિ મહીં પરમેષ્ઠિ પંચ બિરાજતા. ૮૭

મંગાઈ વસદિ સ્થાનક નર્તકી બની સદી ચૌદમાં;
જૈન મઠમાં પણ બધે જિનબિંબ છે બીરાજતા. ૮૮

જૈન ધરમ વૃક્ષરૂપ જ્યાં વ્યાસપીઠ જિનવાણી બની;
દિવાલ પર ચિત્રાવલી જૈન પઠનની શાળા બની. ૮૯

દ્રવીડની શિલ્પકળા ત્યાં જ્યાં જુઓ જોવા મળે;
આઠ શતાબ્દિમાં બન્યું મંદિર ત્યાં જોવા મળે. ૯૦

સાતમી શતાબ્દિમાં લખ્યો, શિલાલેખ છે જ્યાં કોતર્યો;
ચારે તરફ જુઓ બધે, દેવકુલિકાને નિરખો. ૯૧

શાંતિનાથ ભગવાનની, પતિમા ખડગાસને ખડી;
મંડપ મહા નવમી સદી, વીસ સ્તંભની રચના રચી. ૯૨

કતલે વસદિ સ્થાનકે વિશ્રામ સ્થાપત્ય છે બન્યું;
સભાપતિ, ગંગરાજનું સુંદર મંદિર ત્યાં બન્યું. ૯૩

ચંદ્રગુપ્તના મંદિર મહીં, ચિત્રપટ્ટીકા પાંચ સહિતનું;
ભદ્રબાહુ–ચંદ્રગપ્તનું જીવન અહીંયા ચિતર્યું. ૯૪

બાર વરસે અભિષેકમાં સુરલોક ત્યાં ઉતરી પડે;
જેવા વિરાટ છે સામને, વિરાટ ત્યાં ઉત્સવ બને. ૯૫

ચંદ્રગુપ્તને સોળ સપના, ગુરુ ભદ્રબાહુને કહયાં;
તેના ફળોમાં કાળ પંચમના બનાવો વર્ણિત થયા. ૯૬

કળશો હજારો સુવર્ણના, ના અભિષેક પૂરણ બને;
વૃદ્ધા પુલ્લિકાય કટોરી દૂધ થકી પૂરણ તે બને. ૯૭

અષ્ટાપદે ધ્યાની બની કૈલાસથી મુકિત ગયા;
પુણ્યવૃદ્ધિ થઈ દેવની ગંધકુટીમાં પૂજિત થયા. ૯૮

કૃત્યકૃત્ય છો, કૃતાર્થ છો, નિત્ય તમે બ્રહ્માત્મ છો.
નિકલંક છો, વિશાલ છો, અચિંત્ય વૈભવ યુકત અહો ! ૯૯

સુવર્ણપુરે બાહુબલી જ્યાં હાલમાં બીરાજતા;
તે સ્થાનક રચના બની પ્રતિમા નિર્મિત જ્યાં થઈ રહી. ૧૦૦



# લેખકનો પરિચય

**નામ :** ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ (ચૈતન્ય પ્રિય)

**કાર્યક્ષેત્ર :** સોનગઢ, ઉગામેડી, ભાવનગર માધ્યમિક શાળાઓ. લોકભારતી સણોસરા – બી. એડ્. કોલેજ, વિજ્ઞાન અધ્યાપક તથા પ્રિન્સીપાલ, ૬ વર્ષ માધ્યમિક શાળા + ૩૧ વર્ષ બી. એડ્. કોલેજ.

**શિક્ષણ કાર્ય :** વિજ્ઞાન-ગણિત, શિક્ષણ પદ્ધતિઓ, મૂલ્યાંકન પ્રવિધિઓ, શૈક્ષણિક સમસ્યાઓ, શૈક્ષણિક પ્રવાહો, શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, એજ્યુકેશનલ ટેક્નોલોજી, આંકડાશાસ્ત્ર વગેરે અનેકવિધ વિષયોનું શિક્ષણકાર્ય.

**સેવાકાલિન પ્રશિક્ષણ :** દિલ્હી, મુંબઈ, ઈંદોર, ઉદયપુર, વડોદરા, અમદાવાદ, સુરત, દ્વારકાના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના ૪૦ જેટલા સેમિનાર્સ, વર્કશોપ.

**પેપર્સ રજૂઆત :** લો કોસ્ટ ફોટોગ્રાફિક મીડિયા, એજ્યુકેશનલ વેલ્યુઝ, વર્ક સેન્ટર્ડ એજ્યુકેશન, સફળ શિક્ષક, પ્લાનીંગ ઓફ એજ્યુકેશનલ મેથડ્સ વગેરે પેપર્સ સેમિનાર્સમાં રજૂ કરેલ છે.

**શાળા-કોલેજોમાં વ્યાખ્યાનો :** પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં ફન પ્રોગ્રામ્સ, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, વિજ્ઞાન, ગણિત, ટેક્નોલોજી, મૂલ્યાંકન, તત્ત્વજ્ઞાન, વસ્તી શિક્ષણને લગતા સેંકડો દાર્શનિક વ્યાખ્યાનો આપેલ છે. સેંકડો ટ્રાન્સપરન્સીનું નિર્માણ કરેલ છે.

**લેખન કાર્ય :** ૧૨૦૦૦ હરિગીતિકા છંદમાં જૈન તત્ત્વજ્ઞાનનાં શ્લોકો, ૧૦૦ ભજનોની રચના કરીને પ્રકાશિત કરેલ છે. કુલ ૨૦૦૦ પેઈજના ૪૧ પ્રકાશનોની ૩૦૦૦૦ જેટલી નકલો ભેટ આપેલ છે. સેંકડો શૈક્ષણિક વ્યાખ્યાનોનું સાહિત્ય તૈયાર કરેલ છે.

કુલ ૧૦૦ જેટલા હપ્તામાં શિક્ષણશાસ્ત્ર, સંશોધન, મનોવિજ્ઞાનનાં લેખો વર્તમાનપત્રો તથા સામાયિકોમાં પ્રકાશિત થયેલ છે. જેની ૩ પુસ્તિકાઓ 'જ્ઞાનતુલા' પ્રકાશનોમાં સમાવેશ થયેલ છે. જેની ટ્રાન્સપરન્સી, પ્રદર્શન વગેરે પણ તૈયાર થયેલ છે. 'શિક્ષક પ્રશિક્ષણમાં પ્રયોગો' નામે નવી લેખમાળા શરૂ થયેલ છે.

**જૈન ભજનોનું ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ :** ૬૨ જેટલા સ્વરચિત ભજનોની તથા અન્ય પદ્યરચનાઓની ૪૦ જેટલી ઓડિયો કેસેટ્સ તથા ૩૦ જેટલી વીસીડી, ડીવીડીમાં આલ્બમ તૈયાર થયેલ છે. જેની હજારો નકલો ભેટ આપવામાં આવેલ છે.

**ફન પ્રોગ્રામનું રેકોર્ડિંગ :** સેંકડો ગણિત, મનોવિજ્ઞાન, પેપર, જાદુનાં પ્રયોગોની ડી.વી.ડી., વી.સી.ડી. તૈયાર થયેલ છે. જે ભેટ આપવામાં આવે છે.